❖ પ્રસ્તાવના :

આજે આપણો દેશ એકવીસમી સદીમાં પ્રવેશી ચૂક્યો છે. વૈશ્વિકરણના યુગમાં, સાયન્સ ટેકનોલોજી અને ફેસબુકના જમાનામાં વિશ્વના મોટાભાગના દેશો વિજ્ઞાન અને જ્ઞાનની ક્ષિતિજોની સાથે વિકાસની દિશામાં હરણફાળ ભરી રહ્યાં છે. ત્યારે યાંત્રિક સાધનોને કારણે લાગણીશીલ હૃદય ધરાવતો માનવ પણ યંત્રો જેવો બની ગયો લાગે છે. જ્ઞાન–વિજ્ઞાનના માધ્યમને કારણે વિશ્વ મુઠ્ઠીમાં આવી ગયું છે. એકવીસમી સદીનાં વૈશ્વિકરણ યુગમાં જીવી રહ્યા છે, ત્યારે દુનિયા સાંકડી બની હોવાનો અહેસાસ થાય છે. સાથે સાથે માનવમાત્રના હૃદય પણ સાંકડા થયા લાગે છે. આપણા દેશમાં કાળક્રમે અનેક વિદેશી પ્રજાઓ આવી તેમાં અંગ્રેજોએ લાંબા સમય સુધી રાજ્ય કર્યુ અને તેથી જ પૂર્વના દેશના વિચારો અસ્તિત્વમાં આવ્યા. પરાપૂર્વથી વિશ્વસાહિત્યમાં નારી–જીવનની કરુણિકાનું આલંબન થતું આવ્યું છે. જે પુરુષપ્રધાન સમાજ વ્યવસ્થામાં કારુણ્યમૂર્તિ જ બની રહેતી જોવા મળે છે.

આઝાદી પહેલા શિક્ષણના અભાવે નારી પુરુષપ્રધાન સમાજમાં મૂક બની રહેતી હતી. જ્યારે શિક્ષણના પ્રચાર અને પ્રસારને કારણે કેટલેક અંશે સ્ત્રીઓ બંડખોર બનવા લાગી જેને કારણે ભોગવવાનું તો અંતે સ્ત્રીને જ આવે છે. પૂર્વ અને પશ્ચિમની સાંસ્કૃતિક પરંપરાઓમાં પરિવર્તન પામતા દાંપત્યજીવનની ભાત અને ક્યારેક સમગ્ર વિશ્વમાં છૂટાછેડા લેનારાઓની સંખ્યામાં થતો જતો વધારો ચર્ચાનું કેન્દ્ર બની રહે છે. માનવી એક સંકુચિત કોચલામાં પૂરાઈ રહેવાનું પસંદ કરતો નથી. એની આકાંક્ષાઓ અને મહત્ત્વકાંક્ષાઓ વિસ્તરતી જ રહી છે. આ માનવી એટલે પુરુષ. વિશ્વ હોય કે ભારત હોય, ગમે તે દેશ હોય પણ પ્રથમ ક્રમે તો પુરુષ જ રહ્યો છે.

નર અને નારી, જીવન રથના બે ચક્રો છે. બંને એકબીજાનાં પૂરક છે અને એકમેક વિના અધૂરાં છે. આજે વ્યક્તિ, સમાજ, દેશ કે વિશ્વ વિકાસ કરી રહ્યા છે ત્યારે

નારીની પ્રગતિ થઈ છે ! સદીઓથી પુરુષ દ્વારા સ્ત્રીઓનું શોષણ થયું છે. પ્રાચીનકાળથી પુરુષપ્રધાન સમાજમાં જુલ્મ અને શોષણની ઘટમાળ હજુ ચાલુ જ રહી છે. ભાષાનાં સાહિત્યકારો પોતાની ભાષામાં સાહિત્યસર્જન કરે ત્યારે માનવસંબંધો, તેમજ દાંપત્યજીવન વિશે વિચારણા અને નિરૂપણ કરતા હોય છે. ભારતીય ભાષાનાં સાહિત્યકારો પોતાની કૃતિઓમાં માનવસંબંધો, નરનારીસંબંધોનું, દાંપત્યજીવનનું નિરૂપણ કઈ રીતે કરે છે ? જુદી જુદી ભાષા, સ્થળ, કાળ, પ્રદેશ હોવા છતાં એમની વચ્ચે જોવા મળતું સામ્યનું કારણ શું ? એના મૂળ શામાં રહેલા છે. એ મારા સંશોધન વિષયના કેન્દ્રસ્થાને છે અને તેથી જ મેં વિષયપસંદ કર્યો છે :

"ભારતીય નવલકથામાં દાંપત્યજીવન : એક વિષયવસ્તુલક્ષી તુલનાત્મક અભ્યાસ ['શીમળાનાં ફૂલ' (ગુજરાતી), 'ગૃહદાહ' (બંગાળી), 'આપકા બંટી' (હિન્દી) અને 'પત્તાંના મહેલ' (તેલુગુ)ના વિશેષ સંદર્ભે]"

આ વિષય પસંદ કરવા પાછળનો વિચાર એક સંશોધક તરીકે એટલો જ હતો કે ભારતીય સમાજે ઔદ્યોગિક અને ટેકનોલોજીમાં ક્ષેત્રે પ્રગતિ કરી છે. શિક્ષણનો વ્યાપ અને ક્ષેત્ર વિસ્તરતું ગયું છે. દૃશ્યશ્રાવ્ય, સમૂહ સંક્રમણનાં વિજાણું માધ્યમો અને તેમાં ટી.વી. ઉપર જોવા મળતી અનેક ધારાવાહિક કથાઓમાં પણ દાંપત્યજીવન અને તેમાં રહેલા વિષ–અમૃતનું આલેખન જોવા મળતું રહ્યું છે. એ ધારાવાહિક કથાઓમાં પણ પતિ–પત્ની વચ્ચેનાં સંઘર્ષો અને છૂટાછેડાની ભેખડ ઉપર ઊભેલાં દંપતીઓ જોવા મળતાં રહ્યાં છે. આમ, એક સંવેદનશીલ વિદ્યાર્થી તરીકે હું માનવસંબંધો, નરનારી સંબંધો અને એમાં દાંપત્યજીવન વિશે વિચારતો ગયો. આ બધાં પરિબળોએ મને પોતાને દાંપત્યજીવન અને ગૃહજીવનનું તાત્પર્ય સમજવાની જિજ્ઞાસા જગાડી. આ રીતે ઉપરોક્ત વિષય પર સંશોધન કાર્ય કરવાનો વિચાર આકાર લેતો ગયો.

❖ સંશોધન પદ્ધતિ :

પ્રસ્તુત વિષયના અભ્યાસ ક્ષેત્રમાં ગુજરાતી, બંગાળી, હિન્દી અને તેલુગુ ભાષાના સાહિત્યકારો દ્વારા રચાયેલ ચાર (૪) પ્રતિનિધિરૂપ કૃતિઓને સમાવી છે. આ કૃતિઓમાં આલેખાયેલ દંપતીઓ દ્વારા તેમનું દાંપત્યજીવન તેમજ તેમની સમસ્યાઓનો તુલનાત્મક અભ્યાસ કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. મેં આ શોધનિબંધ તૈયાર કરવા માટે જુદી જુદી અભ્યાસની પદ્ધતિઓ જેવી કે અવલોકન, વર્ણન, પૃથક્કરણ તથા તુલનાત્મક પદ્ધતિઓ અપનાવી છે.

❖ પ્રકરણ વ્યવસ્થા :

આ અભ્યાસ વિષય તથા પદ્ધતિ અને તેનાં હેતુઓને લક્ષમાં રાખી શોધનિબંધની પ્રકરણ વ્યવસ્થા નીચે પ્રમાણે છે. પ્રસ્તુત શોધનિબંધ કુલ સાત પ્રકરણોમાં વિભાજિત છે.

પ્રકરણ–૧ : તુલનાત્મક સાહિત્ય : વિભાવના અને અભ્યાસક્ષેત્ર

પ્રકરણ–૨ : દાંપત્યજીવન એક વિષયવસ્તુ તરીકે

પ્રકરણ–૩ : ધીરુબહેન પટેલ રચિત 'શીમળાનાં ફૂલ' નવલકથામાં દાંપત્યજીવનનું આલેખન

પ્રકરણ–૪ : શરદબાબુ રચિત 'ગૃહદાહ' નવલકથામાં દાંપત્યજીવનનું આલેખન

પ્રકરણ–૫ : મન્નુ ભંડારી રચિત 'आपका बंटी' નવલકથામાં દાંપત્યજીવનનું આલેખન

પ્રકરણ–૬ : મુપ્પાળ રંગનાયકમ્મા રચિત 'પત્તાંના મહેલ' નવલકથામાં દાંપત્યજીવનનું આલેખન

પ્રકરણ–૭ : ઉપસંહાર

<u>પ્રકરણ–૧</u>

તુલનાત્મક સાહિત્ય : વિભાવના અને અભ્યાસક્ષેત્ર

પ્રસ્તુત પ્રકરણ બે ખંડમાં વહેંચાયેલું છે. પહેલા ખંડમાં **'તુલનાત્મક સાહિત્ય : સંજ્ઞા, સંકેત અને સ્વરૂપ'** અને બીજા ખંડમાં **'વિષયવસ્તુલક્ષી અભ્યાસ અને તેનું તુલનાત્મક સાહિત્યમાં સ્થાન'**. પહેલા ખંડમાં એક ભાષાનું સાહિત્ય અને તુલનાત્મક સાહિત્ય એ બે વચ્ચે શો તફાવત છે તે સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો છે. સાહિત્ય એટલે શું ? તે સમજવા સમજાવવાનો પ્રયત્ન કરતાં પૂર્વના અને પશ્ચિમના મુખ્ય મીમાંસકોની સાહિત્યની વિવિધ વ્યાખ્યાઓ નોંધી છે. ત્યારબાદ તુલનાત્મક સાહિત્યનો અર્થ, સંજ્ઞા અને સંકેતો સમજાવવાની કોશીશ કરી છે. તુલનાત્મક સાહિત્યના વિવિધ વિદ્વાનો દ્વારા જેવા કે જર્મન કવિ ગ્યુઈથે, રવીન્દ્રનાથ ટાગોર, મેથ્યૂ આર્નોલ્ડ, હેન્રી રિમાર્ક, પીકોઈસ અને રુસો તથા એસ. એસ. પ્રવર વગેરેની વ્યાખ્યાઓ ટાંકીને તેનો અર્થ સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. આ વ્યાખ્યાઓની સાથે તુલનાત્મક સાહિત્યનું સ્વરૂપ, કાર્યક્ષેત્ર, અભ્યાસ પદ્ધતિ અને તેના લક્ષણો તથા હેતુઓનો નિર્દેશ કરવાનો પ્રયત્ન કર્યો.

આ પ્રકરણના બીજા ખંડમાં તુલનાત્મક સાહિત્યના અભ્યાસ ક્ષેત્રને દર્શાવી, વિષયવસ્તુલક્ષી અભ્યાસ એટલે શું ? એ દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે. એમાં એસ. એસ. પ્રવરની સૈદ્ધાંતિક વિચારણાનો વિનિયોગ કર્યો છે.

<u>પ્રકરણ–૨</u>

દાંપત્યજીવન એક વિષયવસ્તુ તરીકે

સમગ્ર સજીવ સૃષ્ટિમાં માનવજીવનની સૃષ્ટિ અન્ય જીવોની તુલનામાં વધારે સૂક્ષ્મ છે, માનવના માનવ વચ્ચેના સંબંધમાં પણ પતિ અને પત્ની વચ્ચેના સંબંધો વધારે

સંકુલ સ્વરૂપના છે. એક તરફ નર–નારી વચ્ચેનો સંબંધ જાતિય આકર્ષણને કારણે પ્રાકૃતિક રહ્યો છે તો બીજી બાજુ માનવજીવન વ્યવસ્થાના વિચારકોએ નર–નારીનાં સંબંધને લગ્નજીવનનું કે દાંપત્યનું સાંસ્કૃતિક સ્વરૂપ આપ્યું છે. આથી દંપતી, દાંપત્ય અને દાંપત્યજીવન તથા લગ્ન, લગ્નજીવન અને વિવાહ તથા ભારતીય સાંસ્કૃતિક પરંપરામાં વિવાહ, પાશ્ચાત્ય સાંસ્કૃતિક પરંપરામાં વિવાહનો ખ્યાલ આપવાનો પ્રયત્ન કર્યો છે. તેમજ દાંપત્યજીવનમાં સર્જાતી સમસ્યાઓ જેવા મુદ્દાઓ સમજવા અને સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

<u>પ્રકરણ–૩</u>

ધીરુબહેન પટેલ રચિત 'શીમળાનાં ફૂલ' નવલકથામાં દાંપત્યજીવનનું આલેખન

પ્રસ્તુત પ્રકરણમાં ગુજરાતી સાહિત્યના પ્રસિદ્ધ લેખિકા ધીરુબહેન પટેલની સંવેદના સૃષ્ટિ અને સર્જનશૈલીનો ખ્યાલ આપી ગુજરાતી સાહિત્યમાં તેમના પ્રદાનની ચર્ચા કરી છે. 'શીમળાનાં ફૂલ' નવલકથામાં ધીરુબહેન પટેલે નારીસહજ ભાવથી નહીં પણ તટસ્થભાવથી રન્ના અને વિમલ, તેમજ ઉમા અને વિભાકરના દાંપત્યજીવનનું આલેખન કર્યુ છે. તે સમજવાનો પ્રયાસ કર્યો છે. રન્ના અને ઉમા એ અત્યંત સંવેદનશીલ હોવાથી પરિસ્થિતિને યોગ્ય રીતે સમજી શકતી નથી અને તેના આંતરિક મનોભાવોને કારણે તેમના જીવનમાં કેવો ઝંઝાવાટ ફેલાય છે. તેની ચર્ચા કરી છે. પતિ–પત્ની પરિસ્થિતિઓને સમજી, વિચારીને ઉકેલ લાવી ન શકે ત્યારે દાંપત્યજીવન તૂટી પડે છે તે સમજવાનો અને મૂલવવાનો પ્રયાસ છે. આ સંદર્ભે દાંપત્યજીવનને સામાજિક દષ્ટિએ, મનોવૈજ્ઞાનિક દષ્ટિએ અને નૈતિક દષ્ટિએ સમજવાનો પ્રયત્ન કર્યો છે.

<u>પ્રકરણ–૪</u>

શરદબાબુ રચિત 'ગૃહદાહ' નવલકથામાં દાંપત્યજીવનનું આલેખન

આ પ્રકરણમાં બંગાળી સાહિત્યના મહાન સાહિત્યકાર શરદબાબુની સંવેદના સૃષ્ટિ અને સર્જનશૈલીનો મિતાક્ષરી પરિચય આપ્યો છે. બંગાળી સાહિત્યનાં શરદબાબુનું કથા સાહિત્ય માત્ર બંગાળમાં જ નહિ પરંતુ વિશ્વમાં વિખ્યાત છે. શરદબાબુની 'ગૃહદાહ' નવલકથામાં એના શીર્ષકમાં સૂચવાયું છે તેમ ગૃહજીવન એટલે કે દાંપત્ય–જીવનમાં લાગેલા દાહ એટલે કે દાંપત્યજીવનમાં લાગેલી આગની વાત આલેખી છે. અહીં બે પુરુષ અને એક સ્ત્રીના પ્રણય ત્રિકોણ અને ચતુષ્કોણની કથા છે. ગરીબી અને અમીરીની કથા છે. ઊંચ અને નીચની કથા છે. અચલા અને મહિમના દાંપત્યજીવન દ્વારા સાચા પ્રેમમાં આર્થિક પાસુ, અંધશ્રદ્ધા, વહેમ જેવી બાબતો અચલાના જીવનમાં કેવું તોફાન ઊભું કરે છે તેમજ રૂઢિગત પ્રાચીન માન્યતાઓ મૃણાલનું દાંપત્યજીવન કેવું નષ્ટ કરે છે તે સમજવાનો તેમજ સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. આ સંદર્ભે તેમના દાંપત્યજીવનને સામાજિક દૃષ્ટિએ, મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ અને નૈતિકદૃષ્ટિએ મૂલવવાનો પ્રયત્ન કર્યો છે.

<u>પ્રકરણ–૫</u>

મન્નૂ ભંડારી રચિત 'આપકા બંટી' નવલકથામાં દાંપત્યજીવનનું આલેખન

પ્રસ્તુત પ્રકરણમાં હિન્દી સાહિત્યના પ્રખર સાહિત્યકાર કે જેમણે પોતાના સાહિત્યમાં સ્ત્રી ચરિત્રને મહત્ત્વ આપી, સ્ત્રીના નવા જ રૂપનું આલેખન કરનાર તેમજ સામાજિકતાની સાથે સાથે લગ્ન અને જીવનસંબંધી મુશ્કેલીઓને લઈને પોતાના વિચારો રજૂ કરનાર મન્નૂ ભંડારીની સંવેદના સૃષ્ટિ અને સર્જનશૈલીનો ખ્યાલ આપી હિન્દી સાહિત્યમાં મન્નૂ ભંડારીના પ્રદાનનો મિતાક્ષરી પરિચય આપ્યો છે. 'આપકા બંટી'

નવલકથામાં બુદ્ધિજીવી વર્ગની માનસિકતા અજય અને શકુનના દાંપત્યજીવન દ્વારા આલેખી શકુનની મહત્ત્વાકાંક્ષા પતિ–પત્નીના સંબંધમાં કેવી તિરાડ ઊભી કરે છે અને અંત છૂટાછેડાથી આવે છે. પતિ–પત્નીના પરસ્પરના સંબંધો તૂટી જવાથી તેના બાળકની શી દશા થાય છે તેનું આલેખન કર્યું છે. પુત્ર સમજદાર થાય પછી શકુન ડૉ. જોશી સાથે બીજા લગ્ન કરે છે. ત્યારે બંટી તેને પિતાના રૂપમાં સ્વીકારી શકતો નથી તેમજ મીરાંને નવી માતાના રૂપમાં સ્વીકારી શકતો નથી. આમ આ નવલકથાના દંપતીઓના દાંપત્યજીવનને સામાજિક દૃષ્ટિએ, મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ તથા નૈતિકદૃષ્ટિએ સમજવાનો અહીં ઉપક્રમ છે.

<u>પ્રકરણ–૬</u>

મુપ્પાળ રંગનાયકમ્મા રચિત 'પત્તાંના મહેલ' નવલકથામાં દાંપત્યજીવનનું આલેખન

પ્રસ્તુત પ્રકરણમાં તેલુગુ સાહિત્યના નવલકથાકારોમાં આગવું સ્થાન પ્રાપ્ત કરનાર લેખિકા મુપ્પાળ રંગાનાયકમ્માની સંવેદના સૃષ્ટિ અને સર્જનશૈલીનો ખ્યાલ આપી, તેલુગુ સાહિત્યમાં મુપ્પાળ રંગનાયકમ્માના પ્રદાનનો મિતાક્ષરી પરિચય આપ્યો છે. 'પત્તાંના મહેલ' નવલકથામાં નારી–માનસના નવોન્મેષનું સશક્ત, સહજ અને સજગ ચિત્રનું આલેખન થયું છે. નવલકથાની નાયિકા ભાનુમતી સ્વતંત્ર વિચારો ધરાવતી સ્ત્રી છે, જે પરિસ્થિતિ સમજે તો છે પણ આ પરિસ્થિતિ સાથે બાંધછોડ કરવા નથી માગતી; પુરુષત્વના મોહમાં ફસાયેલા પતિના ચરણોમાં મૂક સમર્પણ કરતી અબળા બનવાનો વિચાર તેને સહ્ય નથી. કૌમાર્ય અવસ્થામાં સેવેલી આશાઓ વિચ્છિન્ન થતા મનમાં વિક્ષોભનો વંટોળ ઊઠે છે. ભાનુમતીનો ગ્રેજ્યુએટ કારકુન પતિ રાજશેખરમ્ જુગારનો ગાંડો શોખ ધરાવે છે જેમાં પત્ની અને બાળકને પણ ભૂલી જાય છે. પત્તા જ એનું જીવન છે અને પત્તાની લ્હાયમાં જ એ પોતે પોતાનું અને પોતાના કુટુંબનું સર્વનાશ

કરે છે તેનું આલેખન કર્યુ છે. આમ, આ નવલકથામાં ભાનુમતીના દાંપત્યજીવનની વ્યથાકથા, નારીજીવનની હૃદયવેધક કરુણિકાનું નિરૂપણ કર્યુ છે. પોતાના જીવનની વિવશતા, છિન્નભિન્નતા અને વેદના–વિષાદને ભોગવતી આધુનિક નારી ભાનુમતીની આશા–આકાંક્ષાઓ, સ્ત્રીસહજ અભિલાષાઓ, એના અરમાનો અને અસ્તિત્વ–વ્યક્તિત્વને ખીલવવાની મહેચ્છાને સમજવા – પ્રમાણવાનું એના પતિ રાજશેખરમ્‌માં સામર્થ્ય નથી. એટલે ભાનુમતી પોતાનું સર્વસ્વ પોતાના પતિ તથા નાના બાળકને છોડી સંસારની સદાય માટે વિદાય લઈ લે છે. આમ આ નવલકથામાં ભાનુમતી અને રાજશેખરમ્, લક્ષ્મીફોઈ અને ફૂવા, માજીનો દીકરો અને સરોજા જેવા દંપતીઓના દાંપત્યજીવનને સામાજિક દૃષ્ટિએ, મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ તથા નૈતિક દૃષ્ટિએ સમજવાનો અહીં ઉપક્રમ છે.

<u>પ્રકરણ–૭</u>

ઉપસંહાર

મારા સંશોધનના આ અંતિમ પ્રકરણમાં ઉપસંહારરૂપે ગુજરાતી, બંગાળી, હિન્દી અને તેલુગુ ભારતીય નવલકથાઓમાં આલેખાયેલ દાંપત્યજીવન અને તેની વિવિધ સમસ્યાઓનો તુલનાત્મક અભ્યાસ કરી દાંપત્યજીવનને સમજવાનો પ્રયાસ કર્યો છે. મારા સંશોધન અભ્યાસની ચાર નવલકથાઓમાં ગુજરાતી, હિન્દી અને તેલુગુ નવલકથા લેખિકાઓ દ્વારા લખાયેલ છે. જ્યારે બંગાળી નવલકથા લેખક દ્વારા લખાયેલ છે. આમ દાંપત્યજીવનનું આલેખન કરતી ચાર જુદી જુદી ભાષાની નવલકથાનું સર્જન સ્ત્રી લેખિકા તેમજ પુરુષ લેખક દ્વારા થયું હોવાથી સ્ત્રી તેમજ પુરુષની માનસિકતાનો ચિતાર સુપેરે આલેખાયેલ છે. માનવસંબંધોના વૈવિધ્યપૂર્ણ સ્વરૂપો, તેમાં આવતા બદલાવો તેમજ માનવીની પ્રકૃતિ, નગર, માનવજાત સાથેના સંબંધોની સંકુલ અને વૈવિધ્યપૂર્ણ તરેહો ઉપસતી દેખાય છે. આ સંકુલ સંબંધોના અભ્યાસનું ચિત્ર પૂરું

પાડવાનો પ્રયત્ન કર્યો છે. ચારેય કૃતિઓમાં આવતા દંપતીઓ શરૂઆતથી અંત સુધીના જીવનમાં એમના વચ્ચેની મિત્રતા, પ્રેમ, દાંપત્યસંબંધો દર્શાવી, સ્ત્રી–પુરુષ સંબંધોમાં ધીરજ, સહનશીલતા, ત્યાગ, સમર્પણની ભાવના, જતું કરવાની આદત વગેરે ગુણોની આવશ્યકતા રહે છે. વર્તમાનજીવનમાં દંપતીઓ પોતાનું દાંપત્યજીવન કઈ રીતે જીવે છે તે જોવાનો સમજવાનો પ્રયત્ન કર્યો છે. તેમજ પતિ–પત્નીના દાંપત્યજીવનનાં કેટલાંક તારણો તારવવાનો પ્રયત્ન કર્યો છે. દાંપત્યજીવનને સામાજિક, મનોવૈજ્ઞાનિક તેમજ નૈતિક દૃષ્ટિએ મૂલવી જોવાનો પ્રયત્ન કર્યો છે. પતિ–પત્નીના દાંપત્યજીવનમાં સંપૂર્ણપણે સજોડુ ન હોવા છતાં જો સમર્પણ, વફાદારી અને સુખ આપવાની ભાવના જો કેળવવામાં આવે તો દાંપત્યજીવનની સુગંધ ચોમેર પ્રસરી રહે છે.

શોધનિબંધના અંતે પ્રસ્તુત અભ્યાસમાં સહાયરૂપ એવા સંદર્ભગ્રંથોની સૂચિ રજૂ કરી શોધનિબંધનું કાર્ય પૂર્ણ કર્યું છે.

અસ્તુ.

સુરત,
તા.   –૦૬–૨૦૧૩.

[મુકુંદરાય જી. દેસાઈ]
અધ્યેતા

ડૉ. દમયંતી પરમાર
માર્ગદર્શક